






રાજ'કારણ'થી મારે ડૂબકી કુંભમેળામાં,
ધોવાય છે પાપ, પ્રચાર સાથે કુંભમેળામાં,
મતબેન્ક, ચાહના, સહિષ્ણુતા નો છે સંગમ -
પક્ષોના 'નાગા' નેતાઓ પહોંચ્યા કુંભમેળામાં..
(નેતાશ્રીઓ નો કુંભમેળો)

નીકળી જાય,
હાથીના હાથી, પછી -
'બાળકો' તો શું?!
(લાખો લાપતા)

વિકાસ ચૂલે
ખદખદતું તેલ,
દઝાડે હાથ!
(જો હુકમી નું કલંક)




## ચિંતન

પ્રદાનં પ્રચ્છન્નં ગૃહમુપગતે સંભ્રમવિધિઃ પ્રિય કૃત્વા મૌનં સદસિ કથનં ચાપ્યપકૃતેઃ ।
અનુત્સેકા તક્ષ્મ્યાં નિરભિ ભવસારાઃ પરિકથાઃ સતાં કેનોદિવ્ટં વિષમમ સિધારા વ્રતમિદ્મ્ ॥

શ્રી ભતૃહરિના નીતિશતકનો આ શ્લોક છે :

'છુપું-ગુપ્તદાન - (કોઇને ખબર પણ ન પડે તે રીતે) આપવું, ઘરે આવેલા અતિથિ, મહેમાન, સંત સજ્જનનો આદર સત્કાર કરવો, બીજા (અજાણ્યાં) પર પણ ઉપકાર-ભલું કરીને પણ મૌન રહેવું, પરંતુ જો કોઇ અન્ય-બીજાં લોકોએ આપણા ઉપર ઉપકાર કર્યો હોય તો ગાઇ-વગાડી સભામાં કહેવું.. ધન-સંપત્તિ-સત્તા-પદ મળે ત્યારે પણ નિરાભિમાની થઇને રહેવું, કોઇની પણ નિંદા-કૂથલી-ટીકા ન કરવી, આવું, કઠિન, મુશ્કેલ આચરણ જે તલવારની ધાર પર ચાલવા જેવું મુશ્કેલ છે તે સંત પુરૂષોને કોણે ઉપદેશ્યું હશે?'

આજ તો સંસ્થાઓ-કલબો-ધનિકો દાન આપે ત્યારે ચેક આપતાં ફોટા પડાવે, બેનર પાસે ઉભાડી ગરીબ દર્દીને બે કેળાં આપે, તકતી-શિલાલેખ કોતરાવે! દાન તો ગુપ્ત જમણો હાથ આપે ડાબાને પણ ખબર ન પડે! એવું હોય.

ઘેર ગમતા - ન ગમતાં, સમયે-કસમયે, કોઇ પણ આવે તેનો આદર-સત્કાર કરવો, (સારી સિરીયલ ચાલુ હોય તો પણ), કોઇએ આપણા પર ઉપકાર કર્યો હોય તેનાં યશોગાન પ્રશંસા જાહેરમાં કરવી, પણ પોતે કરેલા ઉપકાર માટે મૌન રહેવું... ધન-સંપત્તિનું અભિમાન-અહંકાર ન આવે તેવા ખાસ પ્રયત્ન કરવા. કોઇની નિંદા-ટીકા ન કરવી.

સંત-સજ્જનનો આ સ્વભાવ છે.

## સુવિચાર

- સંસાર રૂપી સમુદ્ર આવતાં ભરતી-ઓટ-તોફાનો સામે સરક્ષણ માટે પુસ્તકો દીવાદાંડી છે **- ઇ.પી. વિપલ**
- પુસ્તક એ આત્માના આનંદ માટે સવાર કરવાનો રથ છે **- એમેલી ડિક્શન**
- સારાં પુસ્તકોનું વાચન એટલે સંત-સજ્જનોનું સાનિધ્ય **- ફેડીમેન**
- પુસ્તક કરતાં પણ વધારે જીવે એવી કોઇ ઇમારત કે અમર આત્મા આજ સુધી થયો નથી **- ઓલિવર હોમ્સ**
- પુસ્તકો મન માટે સાબુનું કામ કરે છે **- ગાંધીજી**
- એક ઉત્તમ પુસ્તકમાં કોઇનું જીવન પરિવર્તિત કરી શકવાની શક્તિ હોય છે **- થોરો**
- મા-બાપ, સ્નેહ, વાત્સલ્ય, પ્રેમ અને પ્રેરણા આપે છે પણ સારૂં પુસ્તક તો આંખ અને પાંક આપે છે **- ડેલન હેઇઝ**

## બોધ કથા

પ્રાચીન કાળમાં પૌરાણિક કથા-વાર્તા-નાટકોના પહેરવેશ પૌરાણિક હતા. સ્ત્રીઓ પણ વલ્કલના (મીની સ્કર્ટ) અને બ્રા તથા ઉપવસ્ત્રો તો પહેરતી જ નહીં (ફિલ્મો અને સીરીયલના આધારે લખું છું) આજે પણ લગભગ આવાં જ વલ્કલ નહીં પણ કાપડના અભાવ કે બચતની દૃષ્ટિએ ઓછાં કાપડનો કે નહીંવત વસ્ત્રોનો ઉપયોગ થાય છે, (પછી પરિણામ ભલે ગમે તેવું આવે!)

આઝાદી પહેલાંની વાત છે.

રમણલાલ યાજ્ઞિક પોતાની સંસ્થા 'રંગમંડળ' લઇ પૌરાણિક નાટકો ભજવતાં હતા. એકવાર જૂનાગઢના નવાબના આમંત્રણથી 'રામાયણ' ભજવવા જૂનાગઢ ગયા.

સીતાહરણ પછી સીતાજી 'અશોકવાટિકા'માં આવ્યાં. ઉપર કહ્યું એમ 'વલ્કલ'ના વસ્ત્રો પહેરી સીતાજી દાખલ થયા. જૂનાગઢના નવાબના ભવાં ખેંચાયાં. અને પરદો પાડવાનો આદેશ કર્યો.

'યાજ્ઞિક!, તુમને સીતાજી કો યે કયા પહેનાયા હૈ? યાજ્ઞિકે ખૂલાસો કરતાં ભયભીત સ્વરે કહ્યું, નામવર! વનવાસનું આ દૃશ્ય છે અને પૌરાણિક કાળમાં આવાં જ વસ્ત્રો હતાં.'

નવાબ કહે, એ જમાનામાં એવું ચાલતું હશે, નવાબના રાજયમાં કાપડની તંગી નથી, અયોધ્યાકી મહારાની કો જરિયાન કપડે પહેનાવ!

નવાબનો વિરોધ-દલીલ કોણ કરે..

સીતાજી જરિયાન વસ્ત્રો પહેરી અશોકવાટિકામાં બેઠાં.

# દેશની વિકરાળ સમસ્યાઓને ટેમ્પરરી શિફ્ટ આપીને એકાદ વ્યક્તિ કે મુદ્દા પર કેન્દ્રિત કરી સમસ્યાનું સ્વરૂપ બદલવાનો - સેફ્ટી વાલ્વ બનાવવાનો પ્રયત્ન વ્યક્તિગત અભિવ્યક્તિની આઝાદીને પિંજરાની અંદર નાખી રહ્યો છે..!!

ઇન્ડિયા, ધેટ ઇઝ ભારતમાં હમણાં વધતી ઠંડી સાથે અસહિષ્ણુતાનું જોર વધ્યું છે. વાતે વાતે "હર્ટ" થઇ જતાં નરમ દિલ કબૂતરજાન લોકોના સંઘો - સંગઠનો - ટોળાઓ "સખ્ત" વલણ અપનાવી રહ્યાં છે. ૨૬ જાન્યુઆરી અને ૩૦મી જાન્યુઆરી જેવી તારીખો પરીઘની આસપાસ ઘટેલી ઘટનાઓ "આઇડિયા ઓફ ઇન્ડિયા" નો એક હિસ્સો છે કે પછી સતત ધડકતી - વાઇબ્રન્ટ ડેમોક્રસીનું "કોલેટરલ ડેમેજ"?!! આશિષ નાંદી, સલમાન રશ્દી, કલમ હસન, ત્રણ ટીનેજ કશ્મીરી છોતરીઓ....

શું આ તમામ આ ડેમેજનો ભોગ બનેલાં લોકો છે? શું "વિરોધ કરવાનો અધિકાર" - રાઇટ ટુ પ્રોટેસ્ટ એ વ્યક્તિગત અભિવ્યક્તિનાં સ્વાતંત્ર્યથી ઉપર છે? શું પ્રતિબંધ મૂકનારા સંગઠનો, ફતવાખોરો અને કેટલાંક સરકારી નુમાઇન્દાઓની "હર્ટ" થયેલી "ફિલીંગ્સ" એ તમામ સમુદાયની લાગણી ગણવી? અર્થાત્ શું પોલિટીકલી કે રાજનૈતિક રીતે હર્ટ થયેલી ફિલીંગ એ સોશ્યલી કે કલ્ચરલી હર્ટ ફિલીંગ છે? કે પછી જે રોગ છે જ નહીં, એનો ખોટો રિપોર્ટ બનાવીને હોબાળો મચાવવામાં આવે છે? ઇન્ડિયા, ધેટ ઇઝ ભારતની વાઇબ્રન્ટ ડેમોક્રેસી સામે પથ્થર જેવા પડકાર ઊભાં છે.



**કોફી હાઉસ**
**- ઉત્સવ પરમાર**

### બોલ કે લબ આઝાદ "નહી" હૈ તેરે...



સવાલ એ છે કે "વિરોધ" કયારે જન્મે? "વિરોધ" મૂળ સ્વરૂપે એ તાર્કિક પ્રક્રિયા છે - અને વધુ સ્પષ્ટ શબ્દોમાં એક પ્રકારનો પ્રતિતર્ક છે. કેટલાંક રાજયોની સરકારોએ "વિશ્વરૂપમ્" નામની એક ફિલ્મને "જોયા વિના" જ પ્રતિબંધિત કરી મૂકી. તાર્કિક આધારો વિના મૂકાયેલા આ પ્રતિબંધ સામે ઊભરતો તર્ક કોઇ પણ સામાન્ય બૌધ્ધિક ક્ષમતા ધરાવતાં માનસમાં એક લઘુત્તમ સામાન્ય અવયવ જેવો છે - જો દાલ ચખી હીં નહી, વો ખરાબ કૈસે? જે ફિલ્મ જોઇ જ નથી, તે ફિલ્મ હજી રિલીઝ જ નથી થઇ તે કેવી રીતે પ્રતિષ્ઠિત નાગરિક તર્કહીન અસહિષ્ણુતાઓથી ચીડાઇને દેશ છોડવાની વાત કરે, તેમાં કોઇ લોકશાહીની શોભા વધે ખરી? વર્ષો પહેલાં આમ જ એક ચિત્રકાર એની પીંછી પાડીને ઊઠી ગયો હતો...!!

આશિષ નાંદીનો કિસ્સો "મિસ - ઇન્ટરપ્રિટેશન" અને "મિસ - રિપ્રેઝેન્ટેશન"નો છે - ધારો કે તમે કોઇ જાહેર સભામાં એક વાક્ય બોલો છો - મૈને ખૂન કિયા, ઐસા મૈને કબ કહાં? અને હવે ટીવી ચેનલો, મીડિયા, સંગઠનો માત્ર ઇન્ટરવલ પહેલાનો - અર્થાત્ - અલ્પવિરામ પહેલાનું જ વાક્ય "મૈને ખૂન કિયા..." રિપીટેટીવલી ટેલિકાસ્ટ કરીને તમારા પર આઇ.પી.સી.ની ધારા ૩૦૨ નીચે કેસ ઠોકી દે, તો તમે શું કહેશો? વેલ - આશિષ નાંદીનો કેસ પણ આમ જ હતો અને સુપ્રીમ કોર્ટે આ કેસમાં સંદર્ભમાં "રિસ્પોન્સિબિલીટી ઓફ આર્ટિસ્ટ" વિષે પણ સૂચક ટિપ્પણી કરી.

આર્ટિકલ ૩૭૦ નીચે સ્પેશિયલી પ્રોવિઝન્ડ સ્ટેટ ઓફ યુનિયન ઓફ ઇન્ડિયા જન્મુ એન્ડ કશ્મીરની ત્રણ ટીનએજ છોકરીઓ એક નાનકડું બેન્ડ બનાવી - સંગીતનાં સૂર બર્ફીલી વાદીઓમાં ગૂંજતા કરે છે ને કેટલાં નર્મ સીના બુઝદીલો ઓનલાઇન ધમકીઓ આપે છે - અભિવ્યક્તિ ઉપર સીધી તપાર...!!

આ ભારત છે - વિચિત્રતાઓનો દેશ!! આ એ દેશ છે જયાં ચિત્રકારો, લેખકો, કાર્ટૂનિસ્ટો, સંગીતકારો, ફિલ્મકારો... વગેરેને પકડીને મુકદમાઓ ચલાવવા આસાન છે. કોઇ પણ આર્ટ કે કલા પોલિટીકલી કરેક્ટ કે ઇનકરેક્ટ છે તે આધારો પર નિર્ણયો લેવાય તે દેશનું દુર્ભાગ્ય છે. દેશની વિકરાળ સમસ્યાઓને ટેમ્પરરી શિફ્ટ આપીને એકાદ વ્યક્તિ કે મુદ્દા પર કેન્દ્રિત કરી સમસ્યાનું સ્વરૂપ બદલવાનો - સેફ્ટી વાલ્વ બનાવવાનો પ્રયત્ન વ્યક્તિગત અભિવ્યક્તિની આઝાદીને પિંજરાની અંદર નાખી રહ્યો છે..!!


હે પ.પૂ. રાજકીય સંગઠનો - સ્વયં સેવાભાવી સંસ્થાઓ, સામાજિક હિતમિત્રો તમે હંમેશાં એ જ ફિલ્મો કેમ જુઓ છો, જે તમારી દૃષ્ટિએ ફિલિંગ "હર્ટ" કરે છે? તમે હંમેશાં એવાં જ પુસ્તકો કેમ વાંચો છો, જે તમને નથી ગમતા? તમે હંમેશાં પ્રવચનનાં એવા નિવેદન તારવી લો છો, જેનો "અનર્થ" અને "અર્થ" તમારા પોલિટિક્લ કન્વિનિયન્સ મુજબ કરી શકાય? હે - લોકશાહીનાં "પ્રખર" સમર્થકો - ડેમોક્રસી લવિંગ પીપલ - વિરોધનાં અધિકારને બહુ જ પોતીકો - ઘરમાં પાળેલાં પેટ જેવો વ્હાલો સમજનારા સજ્જનો - આ જ લોકશાહી આપને ન્યાયાલયની સુવિધા આપે છે - પરંતુ લાગે છે - જયાં સુધી આપના દિલ-દિમાગ પૂર્વગ્રહોથી આઝાદ નહીં થાય ત્યાં સુધી હિન્દુસ્તાની આદમીની અભિવ્યક્તિ... તલવારની ધાર પર!!"

- ch9723367947@yahoo.com

## આજના દિવસનો મહિમા

**- ભાનુપ્રસાદ એસ. દવે**

### ૮મી ફેબ્રુઆરી



- જામિયા-મિલિયા સંસ્થાના સ્થાપક ૧૯૬૨ ઉપરાષ્ટ્રપતિ - ૧૯૬૭માં રાષ્ટ્રપતિ. આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત કેળવણીકાર ડો. ઝાકીર હુસેનનો જન્મદિન - ૮-૨-૧૯૬૭.
- બાળકો માટે રોચક વિજ્ઞાનકથાઓ લખનારા જુલેવનનો જન્મ - ૧૮૨૮.
- ૧૯૩૪ મેટ્રિક પધ્ધતિના શોધક દિમિત્ર ઇવાનોચ મેડેલીંક ટોબલસ્ક (સાઇબીરીયા) ખાતે જન્મ.
- ૧૯૪૯ - સંપૂર્ણ આઝાદી નહીં મળે ત્યાં સુધી કાળા વસ્ત્રો પહેરવાની પ્રતિજ્ઞા લેનારા સૈયદ અહમદ સૈયદ મુસ્તુફા 'કાળાબાવા'નું અવસાન.



- ૧૯૭૧ - ગુજરાતી સાહિત્યના મહાન સર્જક-નવલકથાકાર કનૈયાલાલ મુન્શીનું અવસાન.
- ૧૯૬૧ - મહાન બંસરીવાદક ટી.એન. સ્વામીનાથન પિલ્લાઇનું મદ્રાસમાં અવસાન.

# મહાગુજરાત આંદોલનમાં ટુકડી નં. ૪૦નાં શાંતાબેન ગોરધનદાસે કયાં વિસ્તારના આંદોલનમાં ભાગ લીધો હતો?

### વિષય : મહાગુજરાત આંદોલન

(૧) મહાગુજરાત આંદોલનનાં તા. ૮-૯-૧૯૮૯ની ટુકડી નં. ૨૦નાં સકરબેન જમાલભાઈએ કયાં વિસ્તારનાં આંદોલનમાં ભાગ લીધો હતો?
(અ) મીરઝાપુર - શાહપુર (બ) ઝવેરીવાડ, કાલુપુર (ક) હીરાલાલની ચાલ, લાટી પાસે (ડ) તાતગરવાડ, પગથિયા પાસે, જમાલપુર
(૨) મહાગુજરાત આંદોલનનાં તા. ૮-૯-૧૯૫૮ ની ટુકડી નં. ૨૦માં ચંચળબહેન મગનલાલ એ કયાં વિસ્તારનાં આંદોલનમાં ભાગ લીધો હતો?
(અ) આઝાદ હોટલ, મણિનગર (બ) ૪૩૭, સરદાર પોળ, નવો વાસ (ક) હરણવાળી પોળ, પાંચકુવા (ડ) નવોવાસ, રખિયાલ ગામ
(૩) મહાગુજરાત આંદોલનનાં શાંતાબેન ચતુરભાઈએ કયાં વિસ્તારની ચૂંટણીમાં ભાગ લીધો હતો?
(અ) ભાવનગર (બ) અસલાલી
(ક) ડબોડા (ડ) પાલીતાણા
(૪) મહાગુજરાત આંદોલનનાં તા. ૧૭-૯-૧૯૫૮ની ટૂકડી નં. ૩૨ નાં ખેડા જિલ્લામાં શ્રીમતી પ્રતાપકુંવરબા ઝાલાએ કયાં વિસ્તારનાં આંદોલનમાં ભાગ લીધો હતો?
(અ) ખેડા (બ) કપડવંજ
(ક) ખંભાત (ડ) ઉપરોક્ત એકપણ નહીં
(૫) મહાગુજરાત આંદોલનનાં તા. ૮-૯-૧૯૫૮ ની ટૂકડી નં. ૧૭નાં રેવાબહેન ફકીરભાઈએ કયાં વિસ્તારનાં આંદોલનમાં ભાગ લીધો હતો?
(અ) મામુનાયકની પોળ, કાળુપુર (બ) મોટી ખડકી, રખિયાલ-ગોમતીપુર (ક) દેવશાનો પાડો, કાળુપુર (ડ) લુહારશેરી, સરસપુર
(૬) મહાગુજરાત આંદોલનનાં તા. ૧૭-૯-૧૯૫૮ની ટૂકડી નં. ૩૨માં કચ્છ વિસ્તારમાંથી આમાંથી કોણે કોણે ભાગ લીધો હતો?
(અ) તારામતી પ્રાણલાલ શાહ (બાબા સાથે) (બ) રંભાબેન મોહનલાલ વરૂ (બાબા સાથે)
(ક) સંતોકબેન દેવજી રાજપૂત (ડ) ઉપરોક્ત ત્રણેય
(૭) મહાગુજરાત આંદોલનનાં તા. ૧૭-૯-૧૯૫૮ની ટુકડી નં. ૩૨માં કચ્છ વિસ્તારમાંથી આમાંથી કોણે કોણે ભાગ લીધો હતો?
(અ) મુકતાબેન હરિશંકર વ્યાસ (બ) ગંગાબેન નાથાલાલ જોષી
(ક) ઉપરોક્ત બંને (ડ) ઉપરોક્ત એકપણ નહીં
(૮) મહાગુજરાત આંદોલનમાં દરિયાબહેન મહીજીભાઈ ટુકડી નં. ૧૬૨ એ કયા વિસ્તારમાં આંદોલનમાં ભાગ લીધો હતો?
(અ) ખેડા જિલ્લો (બ) મહેસાણા જિલ્લો
(ક) પાદરા (વડોદરા) (ડ) કાલુપુર
(૯) મહાગુજરાત આંદોલનનાં તા. ૧૭-૯-૧૯૫૮ની ટુકડી નં. ૩૨ નાં શ્રીમતી જનકબહેન કાશીભાઈ એ કયાં વિસ્તારનાં આંદોલનમાં ભાગ લીધો હતો?
(અ) નડિયાદ (બ) પેટલાદ (ક) ઉમરેઠ (ડ) બોરસદ
(૧૦) મહાગુજરાત આંદોલનનાં શાંતાબેન ગોરધનાદાસે કઈ ટુકડીમાં ભાગ લીધો હતો?
(અ) ટુકડી નં.૪૪ (બ) ટુકડી નં.૪૦
(ક) ટુકડી નં. ૪૧ (ડ) ટુકડી નં. ૧૨
(૧૧) મહાગુજરાત આંદોલનમાં ટુકડી નં. ૪૦નાં શાંતાબેન ગોરધનદાસે કયાં વિસ્તારના આંદોલનમાં ભાગ લીધો હતો?
(અ) દહેગામ (બ) સોનાપડા (ક) અસલાલી (ડ) દશેર
(૧૨) મહાગુજરાત આંદોલનમાં પાર્વતીબેન ગોવિંદભાઈ ટુકડી નં. ૧૪૯ એ કયા શહેર આંદોલનમાં ભાગ લીધો હતો?
(અ) કડી (બ) સુરેન્દ્રનગર (ક) કલોલ (ડ) ભાવનગર
(૧૩) મહાગુજરાત આંદોલનમાં સુંદરબેન પુરૂષોત્તમદાસ ગાંધી ટુકડી નં.૧૪૯ એ કયાં શહેરમાં આંદોલનમાં ભાગ લીધો હતો?
(અ) વિજાપુર (બ) સુરત (ક) પોરબંદર (ડ) વિસનગર
(૧૪) મહાગુજરાત આંદોલનમાં શારબાઈ આસ્માજી ટુકડી નં.૧૪૯ એ કયાં શહેર આંદોલનમાં ભાગ લીધો?
(અ) ભાવનગર (બ) મહેસાણા (ક) જામનગર (ડ) સાબરકાંઠા
(૧૫) મહાગુજરાત આંદોલનમાં રેવાભાઈ મોતીભાઈ પગી, આગેવાન ટુકડી નં.૧૬૨ એ કયાં વિસ્તારનાં આંદોલનમાં ભાગ લીધો હતો?
(અ) મહેસાણા (બ) કલોલ
(ક) વિસનગર તાલુકો (ડ) પાદરા (જિ.વડોદરા)




### ● વિવિધા ●

**વિષય :- નદી કિનારે વસેલાં શહેરો**
**શહેર, દેશ અને નદી**

- ટોકીયો (જાપાન) : **સુમીદ**
- દિલ્હી (ભારત) : **યમુના**
- નાનકીંગ (ચીન) : **યાંગત્સેકયાંગ**
- નોમપેન્હ (કમ્પુચિયા) : **મેકીંગ**
- ન્યૂ ઓર્લિયન્સ (અમેરિકા) : **હડસન**
- અલ્હાહાદ (ભારત) : **ગંગા**
- પેરિસ (ફ્રાન્સ) : **સેન**
- બસરા (ઈરાક) : **શર અલ અરબ**
- બગદાદ (ઈરાક) : **ટાઇગ્રીસ**
- બદરીનાથ (ભારત) : **અલકનંદા**
- બર્લિન (જર્મની) : **સ્પ્રી**
- બ્યુએનોશ આઈરીશ (આર્જેન્ટિના) : **લાપ્ટાટા**
- બેલગ્રેડ (યુગોસ્લાવિયા) : **ડેન્યૂબ**
- બૂડાપેસ્ટ (હંગેરી) : **ડેન્યૂબ**
- બોન (જર્મની) : **રાઇન**
- ભરૂચ (ભારત) : **નર્મદા**
- માંડલે (મ્યાનમાર) : **ઇરાવદી**
- મોન્ટ્રીયલ (કેનેડા) : **સેન્ટ લોરેન્સ**

(વધુ આવતાં અંકે...)

### ● ગયા સપ્તાહનો સવાલ...?

સવાલ - કમલ હસનની કઈ ફિલ્મ હાલ વિવાદમાં છે?
જવાબ - વિશ્વરૂપમ્

### ● સાચો જવાબ આપનાર પત્રમિત્રો :-

(૧) નટુભાઈ દરજી : પેથાપુર

(અનુસંધાન પાના નં. ૬ પર)

## જેવી રાંપી તેવો કિત્તો...

**- દિલીપ રાણપુરા**

શેઠે ડેલીની બહાર પગ મૂક્યો. આસપાસ ઝીણી નજરે નિરીક્ષણ કર્યું. અને તેમનાં મનમાં ધૃણાની લાગણી ઊભરાઈ આવી. થયું, માળો આ મોચકો કાંઈ સમજતો જ નથી.

કેટલીય વાર એને કીધું કે ભાઈ, આ ચામડાની કતરણ મારી ડેલી આગળ ન નાખ. તોય માળો દાંત કાઢતો જાય અને કહેતો જાય : શેઠ, એમાં વાંક મારો નથી.

'તો કોનો વાંક છે ઈ તો કે'તો એને કહું.'

'નહી કહી શકો શેઠ.'

'કેમ... એ કાંઈ રાજા બાદશાહ છે?'

'તો લો કો', 'મોચીએ દાંત કાઢતાં રાંપી આગળ ધરતાં કહ્યું, : કો' આ રાંપીને એનો જ વાંક છે...'




ને શેઠ શોભીલા પડી જતા. આવું તો ઘણી વખત બન્યું. શેઠે ધીરજ નહોતી ખોઈ એટલે આજ ફરી કહેવાનું નક્કી કર્યું. જો કાંઈ સમજે તો. એટલે તેઓ ડેલીની અડોઅડ આવેલી મોચીની દુકાને ગયા. આગળના ભાગમાં દુકાન અને પાછળનાં ભાગમાં રહેણાંક. શેઠને જોઈને મોચી હરખનો માર્યો અડધો થઈ જતો હોય એમ ઊભો થતાં બોલી ઊઠ્યો. : 'આવો આવો શેઠ... આજ તો...'

'હા આજ તો આવ્યો જ છું.' શેઠ વચ્ચે બોલી ઊઠ્યા.

'આવ્યા છો તે શી નવાઈ કરી? સાખપડોશી છો. પડોશીનો એટલો લાભ તો મળવો જોઈએ ને.' અને પછી ચામડીની ચાકળી ઓટલા પર પાથરતાં કહ્યું : 'લો, બેસો...'

'લાભ તો તું આપે જ છે.' શેઠે ઊભા ઊભા જ કહ્યું.

મોટી કાલુ કાલુ હસવા લાગ્યો.

'આજે ય તેં ચામડાની કતરણ મારી ડેલીની પાસે જ નાખી. તને કેટલીય વાર કીધું તોય -'

'શેઠ, મારૂં ઓહાણ ચૂક થઈ જાય છે.' ને પછી હોકલીમાં ગડાકુ ભરી ચકમક - ગજવેલથી કળી સળગાવી, સળગેલી કળીનો ભાગ હોકલીના મુખ પર દબાવી એક લાંબી સટ લઈને નિરાંતે બોલ્યો : 'ન મેં તો તમને કીધું છે ને શેઠ કે માળી આ રાંપી અકોણી છે... એને એની કુટેવ પડી ગઈ છે કે...' અને પછી કળીના ખોટારવાને દાબી બીજી સટ લઈને આગળ કહ્યું : 'હું ચામડું કાપું, વેતરૂં એ વખતે ફરરર કરતી વાઘરી, કટકા, કતરણ એની કોર જ ઉડાડે... કેટલીયે વાર વારી તોય... હવે હું થાક્યો છું, આ અળવીતરી રાંપીથી... પણ એ રોટલો આપે છે, એટલે એનાથી છેડાછૂટકોય કેમ લેવાય? સાચું કે'જો શેઠ.'

'હા. તારી વાત સાચી. રોટલો આપે એને છોડાય નહિ.'

'ભલું કીધું શેઠ... દૂઝણી ગાયની પાટુ આપણે ખમી ખાઈએ છીએ ને!'

'હા... હા... એક રાંપીને કારણે પડોશી સાથે વેર થોડું બંધાય.' શેઠે ખમી ખાતાં કહ્યું, 'રાંપી હાથ ન રહી એમાં તું શું કરે? એ વાંક રાંપીનો, બાકી તારી તો દાનત ચોખ્ખી છે.'

મોચી હસી પડ્યો.

શેઠ ચાલ્યા ગયા.

દિવસો વીતી ગયા.

ચામડાની કરતણ રોજ ડેલી આગળ પડે. એની ગંધ સહેવાય નહિ. શેઠ રોજ એ સાફ કરાવે. મોચી દુકાનમાં બેઠો બેઠો આ જોઈને કાલું કાલું હસે.

એમાં મોચીનો બાપ મરી ગયો. મેલા લખવા માટે શેઠને બોલાવ્યા. શેઠે મોચીના સગેવહાલે મેલા લખી આપ્યા.

મોચી ભણેલો નહિ ને શેઠ લખે એમાં કહેવાપણું ન હોય.

શેઠે મોચીને પોતાની હાટડીઓ બોલાવીને કહ્યું : 'તારા બાપ પાંચમાં પુછાતાં'તાં. મોટું માથું હતા. કારજમાં કસર ન રાખતો. જોરૂં કારવતું મારે ત્યાંથી લઈ જજે. આપણે તો સાખપાડોશી...'

પાંચ નાતીલાની વચ્ચે શેઠે આટલી દરપત આપતાં મોચી તો ફુલાઈ ગયો. તેણે જાત ભાતની મીઠાઈ બનાવરાવી. બારમાના દિવસે કાણિયા આવ્યા. કાણ-મોંકાણ થઈ ગઈ. દિલાસા અપાઈ ગયા. પણ કોઈ પંગતે બેસે નહિ. બધા ખેસિયા પંચિયા સંકેલીને હાલવા માંડ્યા. મોચી તો તો આ જોઈને હબક ખાઈ ગયો. નાત આવું કાં કરે?

અને તે નાતના આગેવાન ગણાતા માણસોની આડે ફર્યો. પાઘડી ઉતારીને પોતાને કોઈ ગુનો હોય તો નાત માબાપ છે કહીને માફ કરવા કહ્યું. ત્યારે નાત પટેલોએ કહ્યું : 'તેં ખાવા જેવું રે'વા જ કયાં દીધું છે? મેલામાં તે કેવો હડુલો લખાવ્યો?'

'હડુલો?' મોચી નવાઈ પામતાં બોલ્યા : 'શાનો હડુલો ને કેવો હડુલો?'

'તે મેલામાં લખાવ્યું છે,' એક નાતપટેલે કહ્યું :

મોચી મોચી મોચકડા.
દા'ડે આવજો સહુ
ન આવો તો મા મરે
ને આવો તો તમારી વહુ...

'અમે તારા અડીને સગા એટલે આવું લખ્યું તોય આવ્યાં. બાકી તારા ઘેર કોણ આવે?'

મોચી વાત પામી ગયો. તે ધૂઆંપૂઆં થતો શેઠ પાસે ગયો ને બોલ્યો : 'શેઠ, મેલામાં તે આવું લખાતું હશે? તમે તે મારા કયા જનમના દુશ્મન છો?'

'હુ તારો દુશ્મન નથી,' શેઠે ટાઢા કોઢે વાત કરી. 'તારી રાંપી જેમ તારા હાથમાં રહેતી નહોતી. તેમ મેલા લખતી વખતે કિત્તોય મારા હાથમાં રહેતો નહોતો. બાકી હું કાંઇ આવું થોડું લખું? એ તો તારી જેવી રાંપી એવો મારો કિત્તો.'

### બાળ મિત્રો,

ઘણી વખત આપણને ગમતું કંઇક કામ કરવા સમય ઓછો પડે છે, એવું લાગે છે, કેમ કે અભ્યાસ કરતાં કરતાં સમયનું આયોજન કરવાનું હોય. ત્યારે વિચારવાનું કે સૌ કોઇને સમય સરખો જ મળે છે : ૨૪ કલાક.

તેથી બરોબર આયોજન ભણવાનું કરો તો ગમતી રમત-ગમત માટે સમય મળી રહે. અને ભણવાની પણ મજા પડે.